




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-36 ■ તા. 4-09-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### શિંદેનું સમગ્ર આયોજન નિષ્ફળ જવાની ભીતિ

# એકનાથ શિંદે જૂથના ૪૦માંથી માત્ર ૯ ધારાસભ્યો જ મંત્રી બન્યા છે બાકીના નારાજ હોવાનું કહેવાય છે

## શિવસેનાના મોટાભાગના બળવાખોર ધારાસભ્યો પોતાને એકનાથ શિંદે સરકારમાં મંત્રી તરીકે જોવા માંગે છે

મુંબઈ,તા.૩

શિવસેનામાંથી બળવો કરીને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનેલા એકનાથ શિંદેની સામે નવી મુસીબત ઉભી થઈ છે. સરકાર બન્યાને માત્ર ત્રણ મહિના જેટલો સમય થયો છે, પરંતુ તેમની સાથે આવેલા ધારાસભ્યોની નારાજગીમાંથી તેમને પસાર થવું પડ્યું છે. આ કારણે તેઓ કેબિનેટનું બીજું વિસ્તરણ કરવા સક્ષમ નથી. હકીકતમાં, શિવસેનાના મોટાભાગના બળવાખોર ધારાસભ્યો પોતાને એકનાથ શિંદે સરકારમાં મંત્રી તરીકે જોવા માંગે છે અને આ મુશ્કેલીનું કારણ છે.



હાલમાં અસલી શિવસેના અને નકલી શિવસેના વચ્ચે પણ વિવાદ ચાલી રહ્યો છે, જે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ સમક્ષ પેન્ડિંગ છે. આવી સ્થિતિમાં એવી ચર્ચા છે કે કેટલાક ધારાસભ્યો એવા છે કે જેઓ મંત્રી ન બની શકવાની સ્થિતિમાં ઉદ્ધવ ઠાકરે જૂથ સાથે જઈ શકે છે. જો આમ થશે તો એકનાથ શિંદે માટે ઘણું મુશ્કેલ બની જશે.

જો કેટલાક ધારાસભ્યો જાય છે, તો એકનાથ શિંદે જૂથને પક્ષપલટા વિરોધી કાયદાની ધમકીનો સામનો કરવો પડશે. જ્યારે એકનાથ શિંદેએ શિવસેના સામે બળવો કરીને સરકાર બનાવી ત્યારે તેમને ૪૦ ધારાસભ્યોનું સમર્થન મળ્યું હતું. શિવસેના પાસે કુલ ૫૪ ધારાસભ્યો છે. આવી સ્થિતિમાં, વિવાદનો ઉકેલ ન આવે ત્યાં સુધી ઓછામાં ઓછા ૩૭ ધારાસભ્યોએ તેમની સાથે રહેવું જરૂરી છે જેથી તેઓ પક્ષપલટા વિરોધી કાયદાથી બચી શકે. તેથી, જો બળવાખોર ધારાસભ્યોમાંથી ૪ પણ અલગ થઈ જાય, તો સંખ્યા ઘટીને ૩૬ થઈ જશે અને પક્ષપલટા કાયદાનો ભય ઉભો થશે. આ એકનાથ શિંદેની સમસ્યા છે, જેના કારણે તેઓ ધારાસભ્યોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

શિંદે ગ્રૂપના એક સભ્યએ કહ્યું, "હાલમાં સમગ્ર વિવાદ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. આ ઉપરાંત બંને પક્ષોની અરજી પણ ચૂંટણી પંચમાં પેન્ડિંગ છે. પરંતુ આ સમયે, જો મંત્રીમંડળનું વિસ્તરણ થાય અને મંત્રી પદ ન મળતા નેતાઓ ઉદ્ધવ કેમ્પમાં જાય, તો વાસ્તવિક શિવસેના પરના દાવાનો આધાર જ નબળો પડી જશે. જણાવી દઈએ કે પ્રથમ કેબિનેટ વિસ્તરણમાં એકનાથ શિંદે જૂથના ૪૦માંથી માત્ર ૯ ધારાસભ્યો જ મંત્રી બન્યા છે. આવી સ્થિતિમાં શિવસેના સામે બળવો કરીને તેમને શું મળ્યું તે અંગે બાકીના લોકોમાં અસંતોષ છે. આ સિવાય એક મોટો જૂથ એવું પણ વિચારી રહ્યો છે કે એક તરફ શિવસેના સાથેના બળવાને કારણે તેમની ચૂંટણીની સંભાવના નબળી પડી શકે છે અને બીજી તરફ તેમને મંત્રીપદ જેવા લાભો પણ મળી શક્યા નથી.

મહારાષ્ટ્રમાં, એકનાથ શિંદે હવે વધુમાં વધુ ૨૩ લોકોને મંત્રી બનાવી શકે છે, જ્યારે તમામ ૩૧ ધારાસભ્યોની અપેક્ષા છે. આ ઉપરાંત ભાજપને પણ ક્વોટામાં રાખવા પડશે. આવી સ્થિતિમાં એકનાથ શિંદે માટે ચિંતાનો વિષય છે કે ધારાસભ્યોને કેવી રીતે શાંત કરવા. હકીકતમાં, બીજેપી પણ બીજા કેબિનેટ વિસ્તરણ પર નજર રાખી રહી છે અને તેના ધારાસભ્યોની સંખ્યા વધુ છે. આવી સ્થિતિમાં તે વધુ મંત્રી પદ ઈચ્છે છે. આ સિવાય નાની પાર્ટીઓના ધારાસભ્યો પણ મંત્રી પદની માંગ કરી રહ્યા છે.

દરમિયાન મોટા સંકટમાં ફસાયેલી પોતાની સરકારને મજબૂત કરવા માટે એકનાથ શિંદે મહાવિકાસ અઘાડીને મોટો ઝટકો આપી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઓક્ટોબરમાં થનારા શિંદે કેબિનેટ વિસ્તારમાં કોંગ્રેસના બે મોટા નેતા મંત્રીપદની શપથ લઈ શકે છે. તેમાં એક પૂર્વ મુખ્યમંત્રીનું નામ પણ સામેલ છે. જો કે આ મુદ્દે રાજકીય વાતો તો થયા કરતી હતી પણ આ વાતને સમર્થન ત્યારે મળ્યું જ્યારે અશોક ચવ્હાણ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે ગુરુવારે ૨૦-૨૫ મિનિટ સુધી સિક્રેટ મિટિંગ થઈ. જો કે મિટિંગ પછી ચવ્હાણે કહ્યું કે તેની મુલાકાત પોલિટિકલ નહોતી.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના ૭થી ૧૦ ધારાસભ્યો પાર્ટી છોડી શકે છે. જૂનમાં થયેલી વિધાન પરિષદની ચૂંટણીઓમાં કોંગ્રેસના ૭ ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું. જ્યારે જુલાઈમાં ફલોર ટેસ્ટ દરમિયાન ૧૦ ધારાસભ્યો ગાયબ રહ્યા હતા. મહારાષ્ટ્રમાં કોંગ્રેસના કુલ ૪૪ ધારાસભ્યો છે. આ તરફ કોંગ્રેસી નેતા અને પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ પણ કોંગ્રેસ હાઈકમાન્ડ વિરુદ્ધ જઈ રહ્યા છે એટલે તે પણ બાગી નેતા બને તેવી સંભાવના છે. પૃથ્વીરાજ પણ જલદી જ કોંગ્રેસ છોડશે તેવી અટકળો છે. તે કોંગ્રેસના જી-૨૩ના સદસ્ય રહ્યા છે અને થોડા દિવસો પહેલાં જ દિલ્હીમાં ગુલામ નબીને મળ્યા હતા

# રાજસ્થાનમાં દલિત બાળકીઓની જાતિ પૂછી ખાવાનું ફેંકાવી દીધું, રસોયાની ધરપકડ થઈ

## એક શાળામાં દલિત બાળકીઓના હાથમાં ખાવાનું ફેંકાવી દીધું હતું

ઉદયપુર,તા.૩

રાજસ્થાનના ઉદયપુરની સરકારી સ્કૂલમાંથી દલિત વિદ્યાર્થિનીઓને ફરી એક વાર જાતિવાદી માનસિકતાનો શિકાર થવું પડ્યું હતું. આરોપ છે કે સ્કૂલમાં રાખેલા રસોયાએ ખાવાનું પિરસવા આવેલી બે બાળકી સાથે આ દુર્વ્યવહાર કર્યો હતો. સૂચના મળતા ઘટનાસ્થળે પોલીસ પહોંચી આરોપી રસોયાની ધરપકડ કરી હતી. વિદ્યાર્થિનીઓના વાલીઓએ આરોપી વિરુદ્ધ એસસી/એસટી એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવાની માગ કરી છે, પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ મામલો ઉદયપુરના ગોગુંદા વિસ્તારનો છે. અહીં રાજકીય ઉચ્ચ પ્રાથમિક સ્કૂલ ભારોડીમાં ભણતી બે બાળકીઓ સાથે રસોયા લાલારામ ગુર્જરે નિમ્ન કક્ષાની માનસિકતા પ્રદર્શિત કરી હતી. હકીકતમાં સ્કૂલમાં દરરોજ બે બાળકીઓ મિડ ડે પિરસવાની જવાબદારી આપવામાં આવી છે, શુક્રવારે પણ આ જવબદારી બે વિદ્યાર્થિનીઓને અપાઈ. સંજોગોવસાત આ વિદ્યાર્થિનીઓ દલિત સમુદાયમાંથી આવે છે. તેમને જોતા જ રસોયાએ પહેલા તો તેમની જાતિ પૂછી અને બાદમાં તેમના હાથમાં રહેલુ ભોજન ફેંકાવી દીધું હતું. વિદ્યાર્થિનીઓને આ વાત પસંદ આવી નહીં અને નારાજ થઈને વિરોધ કર્યો. પણ તેમની વાત કોઈએ સાંભળી નહીં.સ્કૂલથી છુટ્યા બાદ બંને વિદ્યાર્થિનીઓએ ઘરે આવીને પોતાના વાલીને જાણ કરી. વાલીઓએ તેની ચર્ચા ફળિયામાં રહેતા લોકો સાથે કરી અને રસોયા વિરુદ્ધ ભારે ગુસ્સે થયા લોકો. ત્યાર બાદ ગામલોકોએ પહેલા શાળાના આચાર્ય અને બાદમાં તેની જાણકારી ગોગુંદા પોલીસ સ્ટેશનમાં આપી. પોલીસે વાલીની ફરિયાદ પર તાત્કાલિક રસોયા લાલારામ વિરુદ્ધ ફરિયાદ નોંધી અને આરોપીની ધરપકડ઼ કરી લીધી.

પોલીસ અધિકારી ભૂપેન્દ્ર સિંહનું કહેવુ છે કે, આરોપી રસોયો કેટલાય વર્ષથી આ શાળામાં મધ્યાહ્ન ભોજન બનાવે છે. મોટા ભાગે તે બાળકો પાસે ખાવાનું પિરસાવે છે. શુક્રવારે તેણે પહેલી વાર બંને પીડિત વિદ્યાર્થિનીઓને બોલાવી, પણ જેવું તેઓ ખાવાનું પિરસવા માટે ઉઠ્યા, તો પહેલા તેમની જાતિ પુછી અને આપત્તિજનક ટિપ્પણીમ કરી અને તેમના હાથમાં રહેલુ ખાવાનું ફેંકાવી દીધું. તેમણે જણાવ્યું હતુ કે, બંને બાળકી સાતમા અને એક આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે.

# કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ અમદાવાદ ખાતે ૩૬મી નેશનલ ગેઈમ્સનો મૅસ્કોટ અને ઍન્થમ લૉન્ચ કરશે

અમદાવાદના ટ્રાન્સસ્ટેડીયા ખાતે રવિવારે, તા. ૪થી સપ્ટેમ્બરે યોજાનારા ભવ્ય સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૩૬મા રાષ્ટ્રીય રમતોત્સવના મૅસ્કોટનું અનાવરણ કરશે. ગુજરાતમાં ૨૯ સપ્ટેમ્બર થી ૧૨ ઓક્ટોબર દરમિયાન રમાનારી ૩૬મી નેશનલ ગેઈમ્સનું ઍન્થમ પણ આ રંગારંગ કાર્યક્રમમાં લૉન્ચ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રમત-ગમત અને યુવા પ્રવૃત્તિઓના કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, ગુજરાતના રમત-ગમત અને યુવા પ્રવૃત્તિઓના મંત્રી હર્ષભાઈ સંઘવી તથા ભારતના જાણીતા રમતવીરોની ઉપસ્થિતિમાં આ સમારોહમાં નેશનલ ગેઈમ્સની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન પણ લૉન્ચ કરાશે.

રમત-ગમતના માધ્યમથી રાષ્ટ્રીય એકતાની ઉજવણીની થીમ પર આઝાદીના અમૃત મહોત્સવ પર્વે ગુજરાતમાં યોજાઇ રહેલી ૩૬મી નેશનલ ગેઈમ્સ અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર ખાતે વિવિધ પ્રકારની ૩૬ રમતોમાં ૩૬ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૦,૦૦૦ જેટલા રમતવીરો, પ્રશિક્ષકો અને રમતગમત ક્ષેત્રના અધિકારીઓ ભાગ લેશે. ૩૬મી નેશનલ ગેઈમ્સના ભવ્યાતિભવ્ય આયોજન પહેલાં મેસ્કોટ અને એન્થમ લૉન્ચિંગનો ભવ્ય રંગારંગ સમારોહ અમદાવાદના વિશાળ ટ્રાન્સસ્ટેડિયમ ખાતે રવિવારે સાંજે ૬.૦૦ કલાકે યોજાશે. ટ્રાન્સસ્ટેડીયાના એકા એરેના ખાતે યોજાઈ રહેલા આ સમારોહમાં ગુજરાત રાજ્યમાં નેશનલ ગેઈમ્સના આયોજન માટે ઈન્ડિયન ઑલિમ્પિક એસોસિએશન, ગુજરાત રાજ્ય ઑલિમ્પિક એસોસિએશન અને ગુજરાત સરકાર વચ્ચે કરારો થશે.

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલા ૧૧મા ખેલ મહાકુંભનું વિધિવત સમાપન પણ આ સમારોહમાં યોજાશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ મી માર્ચ,૨૦૨૨ ના રોજ ૧૧મા ખેલ મહાકુંભનો શુભારંભ કરાવ્યો હતો. ગ્રામ્ય, શાળા, તાલુકા, જિલ્લા, ઝોન અને રાજ્યકક્ષાએ યોજાયેલા ખેલ મહાકુંભમાં રેકોર્ડ બ્રેક ૫૫ લાખ ખેલાડીઓએ ભાગ લીધો હતો. વ્યક્તિગત ઉપરાંત ટીમ, શાળા, અને જિલ્લા કક્ષાએ વિજેતા થયેલા ખેલાડીઓને ૩૦ કરોડના ઈનામો એનાયત કરાયા છે. સફળતાપૂર્વક યોજાઈ ગયેલા ૧૧મા ખેલ મહાકુંભના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પુરસ્કારની રકમ એનાયત કરાશે અને ૧૧મા ખેલ મહાકુંભનું વિધિવત સમાપન યોજાશે.ગુજરાતના પેરા-ઍથ્લેટ્સએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતના આવા ચાર પેરા-ઍથ્લેટ્સનું પણ આ પ્રસંગે સન્માન કરાશે. સાથોસાથ તેજસ્વી ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર પણ એનાયત કરાશે. આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં ગુજરાતમાં યોજાઇ રહેલી ૩૬મી નેશનલ ગેઈમ્સ માટે ગુજરાત અને ભારતમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ઉત્સુકતા છે.

# ઓનલાઈન કંડોમ ઓર્ડર કરવામાં મુંબઈ સૌથી આગળ, એક વર્ષમાં ૫૭૦ ગણો વધારો

## શાકભાજીથી લઈને ઈંડા, કંડોમ હોય અથવા તો સેનેટરી નેપકિન, બધુ ઓનલાઈન મગાવી રહ્યા છે.

મુંબઈ,તા.૩

સ્વિગી ઈંસ્ટામાર્ટે જૂન ૨૦૨૧થી જૂન ૨૦૨૨ની વચ્ચે ૯૦ લાખથી વધઆરે યુઝર્સને સેવા આપી છે. એ જણાવે છે કે, કેવી રીતે ક્વિક કોમર્સની ડિમાન્ડ વધી રહી છે. આ ડિમાંડ બેંગલુરુ, મુંબઈ, હૈદરાબાદ, દિલ્હી અને ચેન્નઈ જેવા મેટ્રોલ શહેરોમાં સૌથી વધારે આવી રહી છે. ગ્રાહક ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ દ્વારા હેલ્થકેર પ્રોડક્ટ્સ પણ માગી રહ્યા છે. સ્વિગી ઈંસ્ટામાર્ટ પર કંડોમ ઓર્ડર કરવામાં મુંબઈ સૌથી આગળ રહ્યું છે. મુંબઈવાળા છેલ્લા ૧૨ મહિનામાં ૫૭૦ ગણા વધારે કંડોમ ઓર્ડર કરી રહ્યા ચે. છેલ્લા એક વર્ષમાં ઈંસ્ટામાર્ટ પર લગભગ ૨૦ લાખ સેનેટરી નેપકિન્સ, મેન્સ્ટ્રૂઅલ કપ અને ટેમ્પોનના ઓર્ડર આવ્યા છે.

આ ક્વિક કોમર્સ પ્લેટફોર્મે છેલ્લા બે વર્ષમાં ૫ કરોડ ઈંડા ડિલીવર કર્યા છે. જૂન ૨૦૨૧થી જૂન ૨૦૨૨ની વચ્ચે બેંગલુરુ, દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં સૌથી વધારે ઈંડા ઓર્ડર થયા છે. આ ત્રણ શહેરમાં દર એકમાંથી સરેરાશ ૬૦ લાખ ઈંડાના ઓર્ડર આવ્યા છે. રિપોર્ટ અનુસાર, બેંગલુરુ અને હૈદરાબાદના ગ્રાહકોએ નાશ્તા માટે સૌથી વધારે ઈંડા ઓર્ડર કર્યા છે. જ્યારે મુંબઈ, જયપુર અને કોયંબતૂરના લોકોએ ડિનરના સમયે સૌથી વધારે ઈંડા ઓર્ડર કર્યા છે.

જૂન ૨૦૨૧થી જૂન ૨૦૨૨ની વચ્ચે લોકોએ નૂડલ્સનો ખૂબ ઓર્ડર કર્યો છે. સ્વિગી ઈંસ્ટામાર્ટે બેંગલુરુ, દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને ચેન્નઈમાં ઈંસ્ટેટ નૂડલ્સના ૫૬ લાખથી વધારે પેકેટ ડિલીવર કર્યા. આ પ્લેટફોર્મ પર રેડી ટૂ ઈટ ઉપમા અને પૌઆ પણ ખૂબ લોકપ્રિય પ્રોડક્ટ છે. બેંગલુરુ, મુંબઈ અને દિલ્હીવાળઆએ ડિનર ટાઈમમાં આ પ્રોડક્ટ સૌથી વધારે ઓર્ડર કરી છે.

પેય પદાર્થોના ઓર્ડરમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારે વધારો જોવા મળ્યો છે. ચા અને કોફી બંનેના ઓર્ડરમાં ૨૦૦૦ ટકાનો વધારો થયો છે. તો વળી દૂધના ૩ કરોડ ઓર્ડર આવ્યા છે. બેંગલુરુ અને મુંબઈવાળાએ સવારના સમયમાં સૌથી વધારે ઓર્ડર કર્યા છે. ડેરી આઈટમમાં ટોપ થ્રી પ્રોડ્ક્ટમાં રેગ્યુલર મિલ્ક, ફુલ ક્રીમ મિલ્ક અને ટોંડ મિલ્ક હતા.

લોકોએ ગરમીથી છૂટકારા માટે આઈસ્ક્રીમ પણ ખૂબ ખાધા છે. એપ્રિલથી જૂન મહિનાની વચ્ચે આઈસ્ક્રીમના ઓર્ડરમાં ૪૨ ટકાનો ઉછાળો આવ્યો. મેટ્રો સિટીઝમાં આઈસ્ક્રીમના ઓર્ડર રાતના ૧૦ વાગ્યાથી સૌથી વધારે આવ્યા. ગરમી દરમિયાન હૈદરાબાદમાં તાપમાનમાં સૌથી વધારે હાઈએસ્ટ રહ્યું. આ જ કારણ છે ક, અહીંના લોકએ ૨૭૦૦૦થી વધારે જ્યૂસની બોટલ ઓર્ડર કરી હતી.

# બાળકના જન્મ પછી માતા માટે ૬૦ દિવસની રજાની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરાઈ

નવીદિલ્હી,તા.૩

કેન્દ્ર તરફથી મહિલા કર્મચારીઓને રાહત આપનારી એક જાહેરાત કરવામાં આવી હતી. જો કોઈ મહિલા કર્મચારીના બાળકનું જન્મ પછી તરત મૃત્યુ થાય અથવા તો તે મૃત અવસ્થામાં જન્મે તો તે મહિલા કર્મચારીને ખાસ ૬૦ દિવસની મેટરનીટી લીવ હવેથી મળશે.

કેન્દ્ર તરફથી મહિલા કર્મચારીઓને રાહત આપતી એક મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. બાળકના જન્મ પછી મહિલા કર્મચારીઓને મેટરનીટી લીવ મળે જ છે, પરંતુ જો કોઈ કારણોસર બાળક મૃત અવસ્થામાં જન્મે અથવા તો ડિલિવરી દરમિયાન કે પછી જન્મ પછી થોડા સમયમાં બાળકનું મૃત્યુ થાય તો આ સ્થિતિમાં પણ મહિલા કર્મચારીઓને ૬૦ દિવસની રજા આપવામાં આવશે. બાળક ગુમાવવાની પીડાનો સામનો કરવા માટે આ સમય મળવો ખૂબ જરૂરી છે.ઉલ્લેખનીય છે કે, જો ગર્ભાવસ્થાના ૨૮ અઠવાડિયા પછી બાળક મૃત અવસ્થામાં જન્મે તો તેની ગણતરી 'સ્ટીલબર્થ' તરીકે કરવામાં આવશે અને માતાને બે મહિનાની રજા મળી શકશે. ડીપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ

### જન્મ પછી તરત બાળકનું મૃત્યુ થાય તો પણ મહિલા કર્મચારીને ૨ મહિનાની રજા મળશે

ટ્રેનિંગ(ડીઓપીટી) દ્વારા શુક્રવારના રોજ જણાવવામાં આવ્યું કે, આ પ્રકારની સ્થિતિમાં મહિલા કર્મચારીને રજા આપવાની શું જોગવાઈ છે તેની ચોખવટ માંગતી અરજીઓ વિભાગને ઘણી વાર મળી હતી. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે ચર્ચા કર્યા પછી નિર્ણય લેવામાં આવ્યો છે કે, જન્મ પછી તરત જ જો બાળકનું મૃત્યુ થાય અથવા બાળક મૃત અવસ્થામાં જન્મે તો તે માતાની મનોસ્થિતિને ધ્યાનમાં રાખીને આ પ્રકારની સ્થિતિમાં માતાને સ્પેશિયલ મેટરનીટી લીવ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ ૬૦ દિવસની રજાનો લાભ મળી શકશે.

સ્પેશિયલ મેટરનીટી લીવની આ જોગવાઈ માત્ર કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જ છે. આ સિવાય રજાઓનો લાભ લેવા માટેની અન્ય શરતો પણ મૂકવામાં આવી છે. મહિલા કર્મચારીના બે કરતા ઓછા બાળકો હોવા જોઈએ. મહિલાની ડિલિવરી સરકારી હોસ્પિટલમાં અથવા તો સરકાર માન્ય ખાનગી હોસ્પિટલમાં થવી જોઈએ. એટલે કે, સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ હેઠળની ખાનગી હોસ્પિટલમાં ડિલિવરી થવી જોઈએ. જો કોઈ કારણોસર આ સિવાયની કોઈ હોસ્પિટલમાં ડિલિવરી કરવી પડે તો, ઈમર્જન્સી સર્ટીફિકેટ આપવાનું રહેશે.

અહીં નોંધપાત્ર બાબત એ છે કે જો મહિલા કર્મચારીને મેટરિનિટી લીવ મળી ગઈ હોય અને બાળકના મૃત્યુ સમયે પણ તે રજા પર હોય તો તે દિવસ સુધીની તેમની રજાઓની ગણતરી મેડિકલ સિવાયની અન્ય રજાઓમાં કરવામાં આવશે. અને બાળકના મૃત્યુના દિવસથી ૬૦ દિવસની આ સ્પેશિયલ મેટરિનિટી લીવ લાગુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ ખાસ રજાઓના નિયમનું પાલન શુક્રવાર એટલે કે ૨ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજથી કરવામાં આવશે. વિભાગ તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે કે, મહિલા કર્મચારી ગમે તે મંત્રાલય અથવા વિભાગમાં કામ કરતા હોય, જૂના કેસ ખોલવાની જરૂર નથી.

# ૨૦૧૩માં અધ્યાદેશ ફાડવાની ઘટનાથી મનમોહનસિંહ નારાજ હતા, રાજીનામુ આપવાના હતાં:ગુલામ નબી આઝાદ

## તેઓ એક સિનિયર નેતા હતાં તેમણે દુરનું વિચાર્યું કે આમ કરવાથી રાહુલ ગાંધીના કેરિયરને નુકસાન થશે ઉમર ભર રહેશે કે તેમને કારણે વડાપ્રધાને રાજીનામુ આપ્યું

નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ છે અને હવે તેઓ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી પર પ્રહારો કરી રહ્યાં છે.પોતાના રાજીનામાના પત્રમાં પણ રાહુલની હરકતોને લઈને સવાલ ઉભા કરી આરોપ લગાવ્યો હતો કે તેઓ ચમચાઓની સેનાથી ઘેરાયેલા છે. ગુલામ બની આઝાદે રાહુલ ગાંધીની બચકાની હરકતોનો ઉલ્લેખ કરતા વર્ષ ૨૦૧૩ની એક ઘટનાનું ઉદાહરણ આપ્યું હતું જયારે તેમણે પોતાની જ સરકાર દ્વારા પાસ કરાવવામાં આવેલ એક અધ્યાદેશને જાહેરમાં ફાડી નાખ્યો હતો આ અધ્યાદેશ સુપ્રીમ કોર્ટના તે નિર્ણયની વિપરિત હતો જેમાં કોઇ પણ મામલામાં દોષી જણાતા સાંસદો ધારાસભ્યોનો સભ્ય પદ રદ કરવાની વાત કહેવામાં આવી હતી. એક અંગ્રેજી અખબારનો આપેલ મુલાકાતમાં આઝાદે દાવો કર્યો છે કે રાહુલ ગાંધીની તે હરકતથી કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતા શર્મિદા થયા હતાં તે સમયના વડાપ્રધાન ડો મનમોહનસિંઘ એટલા નારાજ થયા હતાં કે તેમણે રાજીનામુ આપવાનું મન બનાવી લીધુ હતું આ ઘટના સમયે હું દિલ્હીમાં ન હતો હોત તો પણ કંઇ કરી શકયો ન હોત.પરંતુ ટીવી ચેનલો પર અધ્યાદેશને ફાડનારૂ દૃશ્ય જોઇ મારા મનમાં એક જ વાત આવી ચાઈલ્ડિશ (બચકાની હરકત) કોઈ પણ વરિષ્ઠ રાજનેતા આવું પગલું ઉઠાવતા રહેલા દસ વાર વિચેરે તમે કહ્યું હું ફાડી દઈશ અને ફાડી દીધુ આ તો કોઈ બાળક જ કરે ગુલામ નબી આઝાદે કહ્યું કે અધ્યાદેશ ફાડયા બાદ પાર્ટીના તમામ નેતા સ્તબ્ધ હતાં મનમોહનસિંઘ રાજીનામુ આપવાનું વિચારી રહ્યાં હતાં પરંતુ તેઓ એક સિનિયર નેતા હતાં તેમણે દુરનું વિચાર્યું કે આમ કરવાથી રાહુલ ગાંધીના કેરિયરને નુકસાન થશે ઉમર ભર રહેશે કે તેને કારણે વડાપ્રધાને રાજીનામુ આપ્યું પાર્ટી પર પણ આંચ આવતી અને સરકાર પર તો આવતી જ આ ફર્ક છે જો કે ગુલામ નબી આઝાદને જયારે પુછવામાં આવ્યું હતું કે તેના પર સોનિયા ગાંધીની શું પ્રતિક્રિયા હતાં તો તેમણે કહ્યું કે મારી આ બાબતમાં કોઈ વાત થઈ ન હતીએ યાદ રહે કે જે સમયે રાહુલ ગાંધીએ અધ્યાદેશની કોપી ફાડી હતી તે સમયે ડો મનમોહનસિંઘ અમેરિકાના પ્રવાસે હતાં તેમની સાથે યોજના આયોગના તે સમયના ઉપાધ્યક્ષ ડો મોટેક સિંહ અહલુવાલિયા પણ હતાં. અહલુવાલિયાએ પણ પોતાના પુસ્તક બેકસ્ટેજ ધ સ્ટોરી બિહાઈડ ઈડિયાઝ હાઈ ગ્રોથ ઈયર્સમાં મનમોહનના રાજીનામા આપવાની વાતનો ઉલ્લેખ કર્યો છે તેમણે લખ્યું હતું કે જો મનમોહનસિંઘે મને પુછયુ હતું કે શું મારે રાજીનામુ આપી દેવું જોઈએ.મેં કહ્યું કે આ મુદ્દા પર રાજીનામુ આપવું કયારેય યોગ્ય રહેશે નહીં

# તંત્રી લેખ

## અસલી સરપંચ

દેશની એ વિટંબણા કહી શકાય કે સૌથી નાની સંસદ દ્વારા રાજકીય-સામાજિક જીવનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવા માટે જે વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી હતી, તેને પુરુષ પ્રધાન સમાજના વર્ચસ્વએ નિષ્પ્રભાવી બનાવી દીધી છે. પંચાયતોમાં ચૂંટણી તો મહિલા ઉમેદવારના નામે લડાય છે, પરંતુ કામકાજી વ્યવહાર મહિલાઓના પતિ જ કરે છે. પહેલેથી જ રાજકારણમાં આગળ પડતા લોકો પોતાની સીટ અનામત આવે ત્યારે પરિવારની મહિલાઓને ચૂંટણીમાં ઊભી કરી દે છે, પરંતુ તેમનો હેતુ પડદા પાછળથી રાજનીતિ કરવાનો હોય છે. હદ તો ત્યારે થઈ જાય છે જ્યારે ચૂંટાયેલ મહિલાઓના પતિ જ બ્લોક અને જિલ્લા સ્તરે થનારી બેઠકોમાં સત્તાવાર ભાગ લે છે! એવામાં આ ગેરકાનૂની પરંપરાને ખતમ કરવાની દિશામાં પંજાબની આમ આદમી પાર્ટી સરકારની પહેલ સ્વાગત યોગ્ય છે. સરકારે ‘સરપંચ પતિ’ પ્રથાને બિલકુલ સહન નહિ કરવાની વાત કહેતાં આદેશ આપ્યો કે મહિલા સરપંચોના પતિ કે સંબંધી હવે છદ્મ રૂપે વિભાગીય કાર્યવાહીમાં ભાગ નહીં લઈ શકે. સત્તાવાર બેઠકોમાં હવે ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓએ જ ભાગ લેવો પડશે. હંમેશાં એમ કહેવાય છે કે લગભગ એંસી ટકા મહિલા સરપંચ કઠપૂતળી રૂપે કામ કરે છે. હાલમાં કાયદો વ્યવસ્થાની મજાક ઉડાવતી ઘટના મધ્ય પ્રદેશમાં જોવા મળી હતી, જ્યાં ત્રણ ચૂંટાયેલ મહિલા સરપંચોના પુરુષ સંબંધીઓને બેશરમીથી શપથ અપાવ્યા હતા.

પ્રોક્સી સરપંચ એ સમાજમાં પુરુષ વર્ચસ્વની માનસિક ગ્રંથિનો જ વિસ્તાર છે, જે ચૂંટાયેલા મહિલા સરપંચોને નિર્ણય લેવાના અધિકારથી વંચિત કરે છે. ૧૯૯૨માં કાયદામાં સંશોધન કરીને પંચાયતોમાં મહિલાઓને તેત્રીસ ટકા અનામત એ હેતુથી આપવામાં આવી હતી કે મહિલાઓને રાજકીય રૂપે સશક્ત કરવામાં આવે, પરંતુ આજે ત્રણ દાયકા બાદ પણ અપેક્ષિત બદલાવ જોવા મળ્યો નથી. નિગમોની કાર્યપ્રણાલીમાં મહિલા પ્રતિનિધિઓની ભાગીદારી નામ માત્રની રહી ગઈ. છદ્મ સરપંચોની સક્રિયતાથી જમીની હકીકતની ખબર પડે છે. મહિલા પ્રતિનિધિ તો નામ માત્ર માટે સરપંચ બને છે, જ્યારે સત્તાનો આનંદ તેના પતિ અને સંબંધીઓ જ ઉઠાવતા રહે છે. રાજકારણની વિકૃતિ આવા પ્રોક્સી સરપંચોનું પોષણ કરતી જણાય છે. જોકે અમુક કિસ્સામાં પોતાના અધિકારોનો ઉપયોગ કરતાં મહિલા સરપંચોએ પોતાના પુરુષ સમકક્ષો કરતાં બહેતર કામ કરીને પણ બતાવ્યું છે. કાર્યશૈલીમાં બદલાવની સાથે જ સુરક્ષિત પ્રસવ, બહેતર જળ સુવિધાઓ, સ્વચ્છતા, સડકોની સંભાળ, સ્કૂલોની સ્થિતિમાં સુધાર અને સિંચાઈમાં મહિલા સરપંચોએ સફળતાના ઝંડા ખોડ્યા છે. કહી શકાય કે આ મહિલા સરપંચો મૌન ક્રાંતિની કહાની લખી રહ્યા છે. નિઃસંદેહ આ તમામ મહિલા સરપંચોને પિતૃસત્તાત્મક નિયંત્રણથી મુક્ત કરી દેવામાં આવે તો ગ્રામીણ વિકાસમાં નવા આયામ ઉમેરાશે એ નક્કી.

# દેશના સૌથી કરોડપતિ ગણપતિ ગુજરાતના, ૧ લાખ અમેરિકન ડાયમંડ જડ્યા, ૨૫ કિલો ચાંદીના આભૂષણોથી ઝગમગ્યા ગણપતિ

### મુખ્ય આકર્ષણ રૂપે ચાલુ વર્ષે આખા મહોલ્લામાં શ્રી ગણેશજીની ૧૦૮ પ્રતિમા સાથે ૧૦૮ શ્રી ગણેશજીની ચાંદીની પ્રતિમાનું પણ પૂજન અર્ચન કરવામાં આવી રહ્યું છે

સુરત,તા.૩

ડાયમંડ સિટી સુરતના સૌથી ધનાઢ્ય ગણેશ આ વર્ષે ઉજવણીના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે, ત્યારે આયોજકોએ આ ગણેશોત્સવમાં ૮,૭૫૦ ચોરસ ફૂટના વિશિષ્ટ રીતે બનાવેલા પંડાલમાં ૧૦૮ ચાંદીની ગણેશની મૂર્તિઓ ઉમેરીને ઉત્સવમાં વધુ ચમક આપી છે. ગણેશજી પાસે ૨૫ કિલો ચાંદીના આભૂષણો છે, જેમાં એક લાખ અમેરિકન ડાયમંડ જડવામાં આવ્યાં છે.

સુરતની દાળિયા શેરીના શ્રી સાર્વજનિક ગણેશ ઉત્સવ, ૨૫ કિલો ચાંદી અને સોનાના ઢોળવાળા હીરાના ઘરેણાં પહેરેલી ગણેશની મૂર્તિ માટે જાણીતી છે. દાળિયા શેરી - પરંપરાગત ડાયમંડ ટ્રેડિંગ હબ મહિધરપુરાની મધ્યમાં સ્થિત છે. તેથી હીરા કેન્દ્રને અનુરૂપ તહેવારનું આયોજન કરે છે. દર વર્ષે પંડાલમાં લગભગ ૫ લાખ મુલાકાતીઓ આવે છે. આ વખતે ૬ લાખથી વધુ મુલાકાતીઓની અપેક્ષા રાખે છે. કુલ ૨૦૦ સ્વયંસેવકો પંડાલની સુરક્ષા અને સરળ કામગીરીનું સંચાલન કરી રહ્યાં છે. જેમાંથી ૧૦૦ ચોવીસ કલાક હાજર રહે છે.

ઝવેરાત અને હીરા જડેલી ચાંદીની મૂર્તિઓની વાસ્તવિક કિંમત જાણી શકાઈ નથી. કારણ કે મોટાભાગની કિંમતી વસ્તુઓ દાનમાં આપવામાં આવી છે. પરંતુ ઝવેરાત અને કીમતી વસ્તુઓની કિંમત લાખોમાં છે. મંડળના આયોજક ગૌરવ ઝરીવાળાએ જણાવે છે કે, ચાલુ વર્ષે શ્રી સાર્વજનિક ગણેશ ઉત્સવ મહિધરપુરા દાળિયા શેરી મંડળ ના ૫૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે ગોલ્ડન જ્યુબીલી વર્ષ નિમિત્તે આ વર્ષે ઝ્ઝ્ફ થી સજ્ઝ ૩૫૦૮ ૨૫ ના ખૂબ જ ભવ્ય મંડપમાં શ્રી ગણેશજીનું સ્થાપન થઈ છે. શ્રી ગણેશજીની પ્રતિમાને અમે અંદાજિત ૨૫ કિલો ચાંદી અને સોનાથી મઢેલા ૧લાખ અમેરિકન-ઓસ્ટ્રેલિયન ડાયમંડના દાગીનાથી શણગાર કરવામાં આવ્યા છે. જેમાં મુગટ, બાજુબંધ, હાથ તથા પગમાં કવર તેમજ કેડે કંદોરો અને નવલખા હારથી શ્રી ગણેશજીનો શણગાર કરાયેલ છે.

તેઓએ વધુમાં કહ્યું હતું કે, મુખ્ય આકર્ષણ રૂપે ચાલુ વર્ષે આખા મહોલ્લામાં શ્રી ગણેશજીની ૧૦૮ પ્રતિમા સાથે ૧૦૮ શ્રી ગણેશજીની ચાંદીની પ્રતિમાનું પણ પૂજન અર્ચન કરવામાં આવી રહ્યું છે. સાથે ૨ ફૂટ અને ૪ ફૂટની ચાંદીની પ્રતિમા સાથે પાન આકારની ૧,૫૦,૦૦૦ ડાયમંડની મૂર્તિ અને ૭ કિલો ચાંદીના મૂષક રાજ પણ વિશેષ આકર્ષણ છે. સાથો સાથ આ વર્ષે અથર્વશીર્ષ મહાયજ્ઞનું આયોજન પણ કરેલ છે, જેમાં ૧૦ હજાર લાડુનો ભોગ ધરાવવામાં આવશે. જે યજ્ઞ સતત સાત દિવસ ચાલશે.

# આન્યા મૃણાલ- પ્રકરણ ૭ : રાજુલ કૌશિક




મૃણાલ જ્યારે બીજા દિવસે સવારે ચાર વ્યક્તિ બેસી શકે એવા કોઝી રાઉન્ડ ટેબલ પર શ્રીકાંત અને ગાયત્રી સાથે સવારની ચા અને આગલી સાંજની વાતો માણતી હતી ત્યારે શાહીબાગના ચારેબાજુ ઘટાટોપ લીલોતરીથી છવાયેલા બંગલાના દસ વ્યક્તિ બેસી શકે એટલાં વિશાળ ટેબલ પર કૈરવ માધવીબેનને એની મૃણાલ સાથેની મુલાકાતની વાત કરી રહ્યો હતો.

ગાયત્રી શ્રીકાંતનુ ઘર સાદુ પણ અત્યંત સુરૂચીપૂર્વક સજાવેલુ હતુ. ઘરના દરેક ખૂણામાં ગાયત્રીનો કલાત્મક ટચ જણાઈ આવતો હતો. ઘરનાં પ્રવેશદ્વારની જમણી બાજુએ નાનકડા ટોડલા પર પંચધાતુની એકદંત ગણપતિની કલાત્મક મૂર્તિથી શરૂ કરીને ઘરના તમામ રાચરચીલાં પર ગાયત્રીનો આર્ટિસ્ટનો ટચ દેખાઈ આવતો હતો અને વાતોમાં આત્મિયતાનોપ

જ્યારે માધવીબેનના ઘરમાંપપ

“હાસ્તો ઘર તો મારુ જ ને?” હંમેશા માધવીબેન અજયભાઈને જરા મદથી કહેતા રહેતા. આ આટલો મોટો બંગલો એમ કંઈ સચવાય છે? હું કેટલો સમય આપું છું એમાં ? આ હુંમાં રહેલા હુંકાર પાછળ કેટલા હાથ કામ કરતા? પણ આ સવાલ જ અસ્થાને હતો એ તો દરેક સમજતા હતા. રૂપિયાનો ઢગલો કરીને બેસ્ટ કહેવાતી વસ્તુઓથી ઘર ભરાયેલું હતું.

કૈરવ પણ માધવીબેન સાથે આગલી સાંજની વાતોમાં મશગૂલ હતો. આગળ પાછળની ઘણી બધી વાતો કર્યા પછી એ સીધો જ પોઈન્ટ પર આવી ગયો.

“મૃણાલ મને ગમી ગઈ છે મમ્મી.”

“આ મૃણાલ કોની દીકરી છે? ક્યાં રહે છે? એના પપ્પાનું નામ અને કંઈક કામ તો હશે ને?”

“એના પપ્પા પ્રોફેસર અને લેખક છે એની મમ્મી આર્ટિસ્ટ છે.” આખી રાત જાગેલા કૈરવે ટુકડા મેળવીને માહીતી એકઠી કરી હતી એ માધવીબેન પાસે ઠલવી..”

“પ્રોફેસર? કૈરવ મગજ ઠેકાણે તો છે ને તારું, તારા માટે હું કેવા કેવા ઘરની વાત વિચારી રહી છું અને તું સાવ આમ જ?”

“મમ્મી, મારે છોકરીને પરણવુ છે નહીં કે એના પપ્પાના નામને કે કામને.”

“પણ બેટા, એક વાત તો સમજ કે ક્યાં આપણુ સ્ટેટસ અને ક્યાં એ પંતુજી? અમૃત વર્ધમાન પેઢીનું નામ સાંભળ્યુ છે ને તે? એમની સલોની, રાયચંદ ફુલચંદવાળા અશોકભાઈને જાણે છે ને ? એમની અનોખી અને આવા તો હજુ બીજા કેટલાય નામ છે મારા લિસ્ટમાં જેમની સાથે તારું નામ જોડાય તો સમાજમાં તારો —આપણો મોભો કેટલો વધી જાય એ વિચાર્યુ છે?”

“એ વિચારુ છું ને એટલે જ એ મોભાવાળા જોડે જોડાવાનુ મન નથી. હું કોની જોડે જોડાઉ એનાં કરતાં મારી જોડે કોણ જોડાયું છે એ મારા માટે વધુ અગત્યનું છે અને તું જે સલોની, અનોખીની વાત કરે છે ને એ બધાને હું જાણુ છું. ચાંદીની થાળીમાં સોનાની ચમચીથી ખાતા શીખ્યા હોય, એમના કેટલા નાઝ નખરા ઉઠાવવા પડે એનો તે વિચાર કર્યો છે? અને તું આ જે આખો દિવસ મારું ઘર જેને કહે છે ને એ ઘરમાં તારું કેટલુ ચલણ રહેશે એ તેં વિચાર્યુ છે?”

કૈરવની વાત સાંભળીને માધવીબેનના કપાળમાં સળ ઉપસ્યા. કૈરવ એમનુ નબળું પાસું બરાબર પારખી ગયો હતો અને જરૂર પડે માધવીબેન સામે એ જ નબળાં પાસાંનો પોતાની રીતે સબળ ઉપયોગ કરતો થઈ ગયો હતો.

“તો હવે?”

“તો હવે કંઈ નહીં. હું મારો રસ્તો મારી રીતે કરી લઈશ તું માત્ર અમને પોંખવાની તૈયારી રાખજે . લક્ષ્મી ચાંદલો કરાવવા આવે ત્યારે મોંઢુ ફેરવી ના લેતી.”

અને સાચે જ કૈરવે એ દિવસથી જ મૃણાલની નજીક જવાના તમામ રસ્તા તૈયાર કરવા માંડ્યા અને મૃણાલ રાજી થાય એટલે એ રસ્તા પર લાલ જાજમ બિછાવવાની પણ મનોમન કલ્પના કરવા માંડી.

“હેલ્લો મિસ મૃણાલ, એક સવારે મૃણાલના સેલ ફોન પર એક અજાણ્યો નંબર ફ્લેશ થયો. થોડી અવઢવ સાથે મૃણાલે ફોન ઉપાડ્યો. અવઢવ એટલા માટે કે આજ સુધી એના સેલ પર લગભગ જાણીતા નામ જ ફ્લેશ થતા એટલે અજાણ્યો નંબર જોઈને એ ખચકાઈ તેમ છતાં એણે ફોન ઉપાડ્યો કેમકે હવે એ પોતે પોતાના ભવિષ્યની રૂપરેખા નક્કી કરવાની દિશામાં હતી. એના માટે સૌથી વાસ્તવિક પગલું એ લાગ્યું કે શરૂઆતથી જ પોતાનો ડિઝાઈનર સ્ટુડિયો કરવાના બદલે કોઈ એસ્ટાબ્લિશ બૂટિક સાથે કામ કરવું. એવી માનસિક તૈયારી સાથે એણે પોતાનો સી.વી કેટલાક બૂટિકમાં આપી રાખ્યો હતો. નિફ્ટની આ વર્ષની બેસ્ટ સ્ટુડન્ટમાં કોને રસ ન હોય? અંશુ ,ફેમિના, ફેબ ઈન્ડિયા, કવિશ, આશિમા, આઈના,અનોખી, અનુશ્રી, ફેશન ઑટોગ્રાફ, સ્પાન જેવા બૂટિકમાંથી એને અત્યંત ઉમળકાભેર આવકાર પણ મળ્યો હતો. હવે એણે નક્કી કરવાનું હતું કે એ કોની સાથે જોડાશે. આ દરમ્યાન ભણવામાં વ્યસ્ત હોવાના લીધે જે જન્મજાત આવડત હતી એ થોડો સમય આઘી ઠેલાઈ ગઈ હતી એની પર ધ્યાન પોરવ્યું હતું. સ્કેચ ,ઓઈલ પેન્ટિંગ ફરી એકવાર શરૂ કર્યુ હતું.

“કૈરવ હીયર, ઓળખાણ પડી? ઝાઝી ઔપચારિકતા મૂકીને એ સીધો જ મુદ્દા પર આવી ગયો. આમ પણ વાતની શરૂઆત કરવાથી વાત પોતાના હાથમાં રહે એવું એ માનતો. એને જે કહેવુ હોય એ કહી દીધા પછી જ બીજાની વાત સાંભળવાનો સ્વભાવ થઈ ગયો હતો.

“અજય ટેક્સટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન કૈરવ શેઠને ભૂલી તો નહીં જ ગયા હો એમ માની લઉ છું.”

“યસ, વેરી મચ રાઈટ. આમ તો હું એવી સાવ ભુલકણી પણ નથી. એકવાર ઓળખાણ થાય પછી થોડો સમય તો જરૂર યાદ રહે છે, મને અને આપણને મળ્યાને લાંબો ટાઈમ નથી થયો.”

“ઓહ ! સો નાઈસ ઓફ યુ! અજય ટેક્સ્ટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝ આજ સુધી એમના પોતાના બ્રાન્ડ નેમ સાથે પોતાની પ્રોડક્ટ માર્કેટમાં મૂકે જ છે પણ હવે વિચારે છે કે એક એવો સ્ટુડિયો ઉભો કરવો જે આજ સુધી કોઈએ જોયો ન હોય. નો કેઝ્યુઅલ વેર. જસ્ટ પાર્ટી વેઅર વિથ એથ્નિક લૂક ફોર યુ. ઓન્લી વીથ ટ્રેન્ડી લુક પાર્ટી વેર, ઈવનિંગ ગાઉન, બ્રાઈડલ એન્ડ વ્હોટ એવર યુ સે.”

“હું શું કહું? તમારો સ્ટુડીયો છે તમને જે આઈડીયા આવે એમાં મારે શું કહેવાનું હોય?’

“કેમ? આ સ્ટુડીયોના ફેશન ડિઝાઈનરને પૂરો હક છે કહેવાનો અને ધાર્યુ કરવાનો.”

“પપફેશન ડિઝાઈનર?”

“યસ મિસ મૃણાલ શ્રોફ, આ અદ્યતન ડિઝાઈનર સ્ટુડિયોના હેડ ડિઝાઈનર તમે હો તો તમને પૂરો હક છે કશું પણ સજેસ્ટ કરવાનો.” રોકેટ ઝડપે કૈરવ આગળ વધતો હતો અને મૃણાલ ઠંડી પડતી જતી હતી. ડિઝાઈનર સ્ટુડિયો તો મૃણાલનું સપનું હતું. ક્યાં અને કેવી રીતે આગળ વધવુ એ વિચારે એ પહેલા જ કૈરવ જાણે જાદુઈ ચિરાગ લઈને સામે ઉભો હતો. કોઈ કહે કે “માંગ માંગ માંગે એ આપુ” અને માંગનારની બોલતી જ બંધ થઈ જાય એવી સ્થિતિમાં આવીને મૃણાલ ઉભી.

“જી?”

“આ “જી” તમારી તકિયા કલમ છે? ‘અજય ટેક્સટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝ’ નિફ્ટના બેસ્ટ સ્ટુડન્ટ મિસ મૃણાલને આ સ્ટુડિયોના હેડ ડિઝાઈનર તરીકે એપોઈન્ટ કરે છે. કાલે તમને લેટર મળી જશે.”

“પણ હજુ તો મને એવો કોઈ અનુભવ નથી. મારે હજુ થોડી પ્રેક્ટિકલ ટ્રેઈનિંગ લેવી છે અને આમ સીધા જ હેડ ડિઝાઈનર તરીકે ?”“હીરાની પરખ ઝવેરી જ કરી જાણે છે. ‘અજય ટેક્સટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝ’ પાસે આ નજર છે મેડમ. અનુભવમાંથી તો અનુભવીઓ મળે પણ એ તાજગી મારે ક્યાંથી લાવવી જે એક ફેશનરમાં હોય? રેમ્પ વોક દરમ્યાન મેં તમારું કામ જોયું છે. મને પસંદ પડ્યું છે એટલે તો આટલા ટૂંકા ગાળામાં હું નિર્ણય લઈ શક્યો છું.”

“ મને વિચારવાનો તો સમય આપો.”

“હવે આમાં વિચારવા જેવુ શું છે મિસ મૃણાલ ? તમારી જગ્યાએ જો બીજુ કોઈ હોત તો આ ક્ષણે મારી ઑફિસમાં હોત.”

અને સાચે જ બીજા દિવસે મૃણાલ કૈરવની ઑફિસમાં હતી. કૈરવે એને સમય જ ક્યાં આપ્યો હતો? એ ફોન પર વાત કરતો હતો એ દરમ્યાનમાં તો મૃણાલના ઘરની વિન્ડ ચાઈમ જેવી ડોર બેલ રણકી ઊઠી અને સામે હાથમાં સરસ મઝાના કવરમાં મૃણાલનો એપોઈન્ટમેન્ટ લેટર લઈને કૈરવની ઑફિસનો માણસ ઊભો હતો. એ સમયે તો મૃણાલે એ કવર લઈ લીધું અને પેલા માણસને રવાના કરી દીધો પણ બીજા દિવસે એ જાતે જ એપોઈન્ટમેન્ટ લેટર લઈને કૈરવની પહોંચી. ઠાલા હાથે પાછા આવેલા માણસને જોઈને કૈરવ સહેજ ભોંઠો તો પડ્યો હતો પણ અંદરથી એ મુસ્તાક હતો કે આજે નહીં તો કાલે મૃણાલ એની સામે એની ચેમ્બરમાં જરૂર હશે.

સાંજે પપ્પા અને મમ્મી સાથે વાત કર્યા પછી મૃણાલે નિર્ણય લીધો હતો કે એ એકવાર તો કૈરવને મળશે જ. શ્રીકાંતનુ માનવુ હતુ કે જે કોઈ નિર્ણય મૃણાલ લે એ એનો પોતાનો હોવો જોઈએ. સાથે નવી તકને પહોંચી વળવાનો આત્મવિશ્વાસ હોવો જોઈએ. એ આત્મવિશ્વાસ હોય તો દુનિયાના કોઈ પણ ખૂણે જઈને ઊભી રહેશે તો એને વાંધો નહી આવે. અનુભવ તો અનુભવે જ મળે ને? એના માટે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડે. આમ પણ મૃણાલ જે કોઈ ડિઝાઈનર સ્ટુડિયો સાથે જોડાત તો એ એની શરૂઆત જ હોત ને? ગાયત્રીએ મૌન રહીને શ્રીકાંતની વાતને સંમતિ આપી.. આમ પણ ફેશન શોના સાંજની મૃણાલની વાતમાં કૈરવનો ઉલ્લેખ તો બંને એ સાંભળ્યો જ હતો પણ આટલી જલદી આમ મૃણાલને તક મળશે એવી તો કલ્પના ત્રણમાંથી કોઈને ય નહોતો.

આગળ ભવિષ્યમાં ય આ પ્રસ્તાવ કે આ તક ક્યાં જઈને ઉભી રહેશે એની ય કલ્પનાય એ ત્રણમાંથી ક્યાં કોઈને હતી?

આલેખનઃ રાજુલ કૌશિક

# રાજ્ય સરકારની બેદરકારીના પાપે ગુજરાતનો ખેલાડી એશિયન જીમ્નેસ્ટીક ચેમ્પિયનશીપમાં ભાગ ન લઈ શક્યો

## ભાજપ સરકાર વિવિધ રમતો માટે કરોડો રૂપિયાની જાહેરાતો, હોર્ડિંગ્સ દ્વારા માત્ર પોતાની વાહવાહીમાં વ્યસ્ત : મનીષ દોશી

અમદાવાદ,તા.૩

આંતરરાષ્ટ્રિય કક્ષાએ પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રત્યે ઉદાસીનતા દાખવતી ભાજપ સરકારના લીધે રાજ્ય અને રાષ્ટ્રને ગૌરવ અપાવી શકે તેવા ખેલાડી એશીયન જીમ્નેસ્ટીક ચેમ્પીયનશીપમાં ભાગ લેવાથી વંચિત રહ્યાં ની ચોકાવનારી વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો.મનીષ દોશી એ જણાવ્યું હતું કે વિવિધ રમતો માટે કરોડો રૂપિયાની જાહેરાતો, હોર્ડિંગ્સ દ્વારા માત્ર પોતાની વાહવાહીમાં વ્યસ્ત ભાજપ સરકારની અણઘડનીતિને કારણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર એશિયન એરોબિક ચેમ્પિયનશિપ જે સપ્ટેમ્બર ત્રણ થી પાંચ થાઈલેન્ડમાં આયોજિત થનાર છે તેમાં સુરતના તેજસ્વી રમતવીર નિશાંત ચૌહાણ ભાગ લેવાથી વંચિત રહ્યા છે.

થાઈલેન્ડમાં યોજાનાર એશિયન એરોબિક ચેમ્પિયનશિપમાં સુરતનાં રમતવીરો પસંદગી પામેલ હતા જેમાંથી બે રમતવીરોની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હતી સુરતના બે રમતવીરોની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હતી ત્યારે તેને સરકારી સહાય મળવી જોઈએ, સ્થાનિક સુરત મ્યુનિ. કોર્પોરેશનની મદદ મળવી જોઈએ રાજ્ય સરકારની મદદ મળવી જોઈએ પરંતુ રાજ્ય સરકારના રમત ગમત વિભાગ દ્વારા એકપણ રૂપિયાની મદદ ન મળી. એક ખેલાડી- વિધાર્થીને સ્થાનિક શાળાના આચાર્ય, શિક્ષકો દ્વારા આંતરરાષ્ટ્રીય રમતમાં ભાગ કેવા ૧.૫ લાખ રૂપિયાની મદદ કરી આપવામાં આવી પરંતુ તેના જેવા જ અન્ય તેજસ્વી રમતવીર ચૌહાણ નિશાંત આર્થિક સહાય ન મળતા આંતરરાષ્ટ્રીય એશિયન એરોબિક ચેમ્પિયનશિપમાં ભાગ લેવાથી વંચિત રહી ગયો હતો. તેજસ્વી રમતવીર ચૌહાણ નિશાંત ભૂતકાળમાં ઉત્તમ રમત રમી ગુજરાત માટે ગોલ્ડ અને રજત મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું હતું.

સપ્ટેમ્બર મહિનામાં થાઈલેન્ડમાં આયોજિત એશિયન એરોબિક ચેમ્પિયનશિપમાં ગુજરાતનાં તેજસ્વી રમતવીર નિશાંતને રમવાનો મોકો મળ્યો હોત તો વૈશ્વિક કક્ષાએ ગુજરાતને ગૌરવવંતું સ્થાન આપવી શક્યો હોત. પરંતુ જાહેરાતો અને સૂત્રોમાં રાચતી ભાજપા સરકાર પ્રતિભાશાળી રમતવીરો પ્રત્યે ઉદાસીનતાને લીધે ગુજરાતનો યુવાન આંતરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધામાં ભાગ ન લઈ શક્યો અને ભાજપ સરકાર વાતો કરે છે ’રમશે ગુજરાતની, જીતશે ગુજરાત’ જો આજ રીતે ગુજરાતનો યુવાન રમત જ નહીં રમી શકે તો કઈ રીતે જીતશે ? રાજ્યના રમતગમત મંત્રી પણ સુરતથી પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે પણ આર્થિક રીતે નબળા પ્રતિભાશાળી ખેલાડીને તેમના વિભાગ દ્વારા કોઈ મદદ ન મળી તે ખુબ જ દુઃખદ બાબત છે.

ગુજરાતમાં રમતગમતને પ્રોત્સાહન આપવાની જાહેરાતો વચ્ચે રમતવીરો આર્થિક તકલીફને કારણે રમી ન શકે તે કેટલે અંશે વ્યાજબી? ગુજરાત જીમનેશિય એસોસિએશન દ્વારા ભાજપ સરકાર અને સુરત મ્યુનિ. કોર્પોરેશનને લેખીત પત્રમાં રજૂઆત કરી હતી કે ગુજરાતના યુવાનો ૨૫ વર્ષ જુના સાધનોનો ઉપયોગ કરીને સ્પર્ધા માટે પ્રેક્ટીસ કરી રહ્યાં છે, સુરત ખાતેના ઈનડોર સ્ટેડીયમની સ્થિતિ અતિ કથળી ગયેલ છે ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા માટે ખેલાડીઓને તૈયાર કરવા માટે નવા સાધનો આવશ્યક છે. આ રજુઆત પછી પણ ભાજપ શાસીત કોર્પોરેશનના શાસકો સંપૂર્ણ પણે કુંભકર્ણની નિંદ્રામાં સુઈ રહ્યાં છે. જે ગુજરાતમાં રમતની દયનીય પરિસ્થિતિ વર્ણવે છે.

# પગપાળા અંબાજી જતા પદયાત્રીઓને જીપે અડફેટે લીધા, બે લોકોનાં મોત

પાલનપુર,તા.૩

બનાસકાંઠાઃ સતત બીજા દિવસે અંબાજી જતા પદયાત્રીઓને અકસ્માત નડ્યો છે. શુક્રવારે માલપુર ખાતે થયેલા અકસ્માતમાં છ પદયાત્રીએ જીવ ગુમાવ્યો હતો. આજે બનાસકાંઠા જિલ્લામાં થયેલા અકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવ્યો છે. મળતી માહિતી પ્રમાણે લાખણી-ડીસા હાઈવે પર અકસ્માતમાં બે પદયાત્રીનાં મોત થયા છે. અહીં એક જીપે પદયાત્રિકોને અડફેટે લીધા હતા, જેમાં એક પદયાત્રીનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. બીજી તરફ માલપુર ખાતે જે અકસ્માત થયો હતો તેમાં પદયાત્રીઓની એક પત્રિકાએ ખૂબ ચર્ચા જગાવી છે.

આ અંગે વધુ માહિતી જોઈએ તો ભીમાજી ગોળીયા નજીક જીપે અંબાજી પગપાળા જતા યાત્રિકોને અડફેટે લીધા હતા . જેમાં પડાદર ગામના રાયસંગભાઈ પટેલનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે ઝેટા ગામના લગધીરજી ઠાકોરનું મોત ઘટનસ્થળે મોત થયું હતું. પ્રાથમિક વિગત પ્રમાણે થરાદના પડાદર અને ઝેટા ગામના આઠ યાત્રિકો પગપાળા અંબાજી જઈ રહ્યા હતા.

આ મામલે આગળથા પોલીસે જીપ ડાલાના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે લખાણીની સરકારી હોસ્પિટલાં ખસેડ્યા છે.

# મુખ્ય ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને તમામ જિલ્લાના ચૂંટણી અધિકારીઓની વિડીયો કોન્ફરન્સથી બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૩

આગામી વિધાનસભાની ચૂંટણીના અનુસંધાને મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીના અધ્યક્ષસ્થાને તમામ જિલ્લાના ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સનાં માધ્યમથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અરૂણ મહેશ બાબુએ રાજકોટ જિલ્લાની ચૂંટણીલક્ષી કામગીરી અંગે પ્રેઝન્ટેશન દ્વારા મતદાર નોંધણી, મતદાર સુધારણા યાદીની કામગીરી, ઈ.વી.એમ. સ્ટોક, સ્વીપ દ્વારા જનજાગૃતિ અર્થે કરવામાં આવતી કામગીરી વગેરે બાબતોની રજૂઆત કરી હતી.

યુવા મતદારોની વધુમાં વધુ નોંધણી અર્થે શાળા કોલેજમાં કેમ્પ, દિવ્યાંગો માટે બ્રાન્ડ એમ્બેસેડર સહિતની કામગીરી, ૮૦ થી વધુ ઉંમરના વૃદ્ધ મતદારો, થર્ડ જેન્ડર સહિતના મતદાતાઓ માટેની કામગીરી વગેરે અંગેની માહિતી કલેક્ટરશ્રી દ્વારા પુરી પાડવામા આવી હતી.કલેક્ટર એ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, મતદાન સંદર્ભે ચૂંટણી સ્ટાફની ડેટા એન્ટ્રીની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. રાજકોટના તમામ મતદાન મથકોનું પુનઃગઠન થઈ ચૂક્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલા લોકમેળા દરમ્યાન મેળાની મુલાકાતે આવતા નાગરિકો દ્વારા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ સ્ટોલની મુલાકાત લઈ મતદાન અંગે મેળવેલ માહિતીની ગાંધીનગર કચેરી દ્વારા સરાહના કરવામાં આવી હતી. આજરોજ યોજાયેલી આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર,અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એસ.જે. ખાચર, તેમજ ચૂંટણી મામલતદાર ઓ જોડાયા હતાં.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK